પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦,
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨,
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./ચ્રા.પ./જાહેરનામું/ ૮૩૬૬ /૨૦૨૧ તા. ૧૬ /૧૨/૨૦૨૧

**વંચાણે લીધુ :-**

૧. રાજય ચૂંટણી આયોગના આદેશ ક્ર.રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા

૨. રાજય ચૂંટણી આયોગના પરિપત્ર ક્ર.ઇએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૧૨૦૨૧-ક, તા.૨૨/૧૧/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ– ૧૯૭૩ ની કલમ– ૧૪૪ હેઠળ બહાર પાડેલ હુકમ**

**// હુકમ //**

ગુજરાત રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૧ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ વડોદરા જિલ્લામાં મતદાનની તા.૧૯/૧૨/૨૦૨૧ (રવિવાર) સવારના ૦૭:૦૦ વાગયાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી તેમજ મતગણતરીની તા.૨૧/૧૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં સંદર્ભ-૧ ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચના આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. આ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ ચૂંટણી મુકત, ન્યાયી અને પવિત્ર રીતે થાય તે માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ– ૧૯૫૧ ની કલમ ૧૨૯ તથા ૧૩૦ ની જોગવાઈ અનુસાર મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો.શમશેરસિંઘ IPS, પોલીસ કમિશ્નરશ્રી વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા તા. ૦૭/૧૧/૧૯૮૯ના સંકલીત જાહેર નામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/એમ તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નર વડોદરા શહેર કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ વડોદરા તાલુકાના સયાજીપુરા,અનગઢ, ધનોરા, બાજવા, ખલીપુર, મારેઠા, કોટણા, નંદેસરી, તલસટ, સાંકરદા, દામાપુરા ગામોની ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારમાં નિચે પ્રમાણનો હુકમ ફરમાવું છુ.

તા.૧૯/૧૨/૨૦૨૧ (રવિવાર)ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.



Scanned by CamScanner

(૧) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત આપવા માટે સમજાવવા.
(૨) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત ન આપવા માટે સમજાવવા.
(૩) ચૂંટણીમાં કોઈપણ રીતે કોઈ વ્યકિતના મતદાનને અસર પહોંચાડવાની કોશીસ કરવી.
(૪) મત માટે પ્રચાર કરવો.
(૫) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.
(૬) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.
(૭) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.
(૮) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાનીઓ પ્રદર્શિત કરવી.
(૯) સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરે લઈ જવાની
(૧૦) મતદાન મથકની હદમાં સંબંધિત મતદાર, ઉમેદવાર કે તેના અધિકૃત ચૂંટણી એજન્ટ, ઉમેદવારોના અધિકૃત પોલીંગ એજન્ટો, ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ તથા ચૂંટણી પંચ તરફથી અધિકૃત કરેલ વ્યકિતઓ સિવાયની વ્યકિત પ્રવેશી શકશે નહી.

આ આદેશોનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે જેવા સાધનો મળી આવશે, તો સ્થળ પરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જપ્ત કરી શકશે.

**આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. મતદાન મથકે નિમવામાં આવેલા કર્મચારીઓ પૈકી ફકત પ્રિસાઈન્ડીંગ ઓફીસર અને ચૂંટણી પંચના નિરીક્ષક/ સેકટર ઓફીસર/ માઈક્રો સ્ટેટીક ઓબ્ઝર્વર અથવા જિલ્લા ચૂંટણી અધિકારી કે ગ્રામ પંચાયત મત વિભાગના ચૂંટણી અધિકારીએ નિમેલા અધિકારી મતદાન મથકમાં તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો- વખતની ગાઈડ લાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ તેમજ ગુજરાત પંચાયત અધિનિયમ– ૧૯૯૩ ની કલમ–૩૬ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહું હુકમ પોલીસ કમિશ્નર વડોદરા શહેર વિસ્તારમાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં લાગુ પડશે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૧ ના રોજ સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ડી. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)



Scanned by CamScanner

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>સવિનય નકલ રવાના</u> :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૧) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.
(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૭) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
(૨૨) ચુંટણી આચારસહિતા અમલીકરણ અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓ.
૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.

Scanned by CamScanner